॥ શ્રી હરિઃ ॥

॥ નામઃસ્મરણ ॥

સપ્તાહ-પદાવલી

પ્રથમ પુષ્પ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १४३४५ वर्गांक

पुस्तकनुं नाम सज्झाय-पद्यावली-१

विषय २-१९

મારતર દલપત ગ્રંથમાળા ગ્રંથાંક—૧

॥ શ્રી હરિઃ ॥

॥ નામઃસ્મરણ ॥

સપ્તાહ–પદ્યાવલી

(પ્રથમ પુષ્પ)

લેખક—પ્રકાશક

મ્યુઝીક માસ્તર

દલપતરામ વલ્લભરામ ત્રિવેદી

શ્રી શંકર વિજય સંગીત કલબ.

સંવત ૧૯૮૪ ગુરૂપૂર્ણીમા ગડત પોષ્ટ ગડત } સર્વ હક્ક સ્વાધીન { પ્રથમાવૃતિઃ પ્રત ૧૦૦૦

મૂલ્ય ૦-૩-૦

મુદ્રકઃ

ભદ્રશંકર મંછારામ ભટ્ટ

કળામય પ્રિન્ટીંગ એન્ડ લીથો વર્કસ,

કણપીઠ બજાર, સુરત.

૧૪૩૪૯ ૨

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

॥ જગતની ઉચ્ચતર ભૂમિકામાં વિહરતો, ॥

॥ ધર્મનાં અનેકવિધ શુદ્ધતત્વ રહસ્યને ॥

॥ સમજાવતો, વિશુદ્ધ સનાતન ॥

॥ ધર્મ એની અંદર રહેલાં ॥

॥ નવધા ભક્તિનાં ॥

॥ જ્ઞાનમાં. કેવળ ॥

॥ પ્રભુનાં નામઃ સ્મરણ ॥

॥ દ્વારા કીર્તન ભક્તિનાં તાનમાં ॥

॥ અહર્નિશ નિમગ્ન રહેનાર ॥

॥ મુમુક્ષુ-ભક્તજનોનાં કરકમળે સ્નેહાર્પણ ॥

ઉપોદ્‌ઘાત.

સ્હેજે પ્રશ્ન ઉપસ્થીત થશે કે: આવાં નાનકડાં પુસ્તક માટે ઉપોદ્‌ઘાત કે પ્રસ્તાવના શી? પરંતુ પ્રસ્તુત પુસ્તક માટે લેખકનાં હ્રદયમાં રહેલા અવનવા ઉદ્‌ગારોને યત્કીંચીત સ્વરૂપમાં વ્યકત કરવા. એજ હેતુને લક્ષમાં લઇ પ્રસંગોચીત્ આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભગવદ્ ભકતો તો ભગવાનની અનેક તે રીતે ભક્તિ કરી શકે છે. કારણ? શાસ્ત્રમાં પણ કહ્યું છે તેમ

॥ [1]શ્રવણં [2]કીર્તનં વિષ્ણોઃ, [3]સ્મરણં [4]પાદ સેવનમ્ ॥
॥ [5]અર્ચનં [6]વંદનં [7]દાસ્યં. [8]સખ્યમાત્મનીવેદનમ્[9] ॥
અર્થાત[1],

જુદી જુદી રીતે પ્રભુની ભક્તિ થઇ શકે છે. પરંતુ એ બધાંનો સમાવેશ કેવળ પ્રભુનાં નામઃસ્મરણ માત્રમાં થઇ જાય છે. અને તે સત્ય છે કારણકેઃ કૃષ્ણ પરમાત્માએ પોતે પણ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે "યજ્ઞાના જપ યજ્ઞોસ્મી" અર્થાત બધાએ યજ્ઞોમાં જપ યજ્ઞ તે હું છું.

વળી અન્યત્ર શાસ્ત્રકારો પણ જણાવી ગયા છે કે......

॥ હરેર્નામૈવ નામૈવ, નામૈવ મમ જીવનં ॥
॥ કલૌનાસ્ત્યૈવ નાસ્ત્યેવ, નાસ્ત્યે વ ગતિરન્યથા ॥

અર્થાત્ કે...હરીનું નામ એજ મારૂં જીવન ધન છે. આ ઘોર કલીકાળમાં હરિનાં કેવળ નામઃસ્મરણ સિવાય અન્યત્ર ગતિજ નથી. માટેજ મુમુક્ષુ જનોએ તો શ્રી હરિનું નામઃસ્મરણ યુક્ત કીર્તન કરવું એજ શ્રેષ્ઠ છે. વળી સાંપ્રતકાળમાં પણ જુદાં જુદાં સ્થળોમાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રતિવાર્ષિક ઉત્સાહ પૂર્વક ઉત્સાહી જનો તરફથી સપ્તાહો ઉજવવામાં આવે છે. પરંતુ તે યોગ્ય હેતુપુરઃ સર–પદ્ધત્યનુસાર ન હોવાની કેટલાક વિદ્વર્જ્જનોની માન્યતા હોવાથી તત્સંબંધે કોઇ યોગ્ય પદ્ધતિને ઘટીત બંધારણ રૂપ હરેક તે વ્યક્તિને ઉપયોગી અને માર્ગદર્શક થાય. એવાં પુસ્તકોની ખાસ આવશ્યકતા સમાજને રહે છે અને તે ખોટ પુરી પડે એ ઇચ્છવા જોગ છે.

પ્રસ્તુત ગ્રંથ પ્રકાશ થવા પૂર્વે મારી વય દર્મિયાન હમારા ગામે પણ લાગલાગટ સાત વર્ષથી શ્રીનામઃસ્મરણ સપ્તાહ ઉજવાય છે. મને પોતાને પણ એ વિષયમાં ઘણું રસજ્ઞપણું–શોખ–ને આનંદ લાગતો હોવાથી કેવળ નામઃ સ્મરણને અવલંબીને જુદા જુદા રાગનાં ત્રણસો જેટલાં પદો મેં આજ સુધીમાં રચ્યાં છે. જેમાંનાં સંગ્રહમાંથી થોડાંએક પદો પ્રસિદ્ધીમાં મૂકવા ભાગ્યશાળી થયો છું.

તે સાથે નામઃસ્મરણ સપ્તાહ માટે માર્ગદર્શકરૂપ યોગ્ય માહીતી આપી સપ્તાહ માટેનાં સામાન્ય નિયમો માટે પણ યતકીંચીત્ પ્રમાણમાં પ્રયત્ન કર્યો છે.

વળી નામઃસ્મરણ સપ્તાહ અર્થે જુદાં જુદાં શાસ્ત્રોને અવલંબીને યથાવિધી સંક્ષીપ્ત પ્રયોગ વીધીક્રમ દર્શાવ્યો છે. ઇશ્વર ઇચ્છા હશે તો વધુ વિસ્તાર યથાવકાશે.

મારો આ પ્રયત્ન ભકત જનસમાજને રૂચીકર નીવડશે તો થોડાંજ સમયમાં પ્રસ્તૂત ગ્રંથનું દ્વિતીય પુષ્પ ઘણુંાંજ વિસ્તાર પૂર્વક પ્રસિદ્ધ કરવાની ખાસ ઉમેદ છે. આશા છે કે ભકત જનસમાજ મારા આ પ્રયત્નને વધાવી લઇ મને યોગ્ય સલાહ અને પ્રોત્સાહન આપશે તો કૃતાર્થ થઇશ. ગ્રંથ પ્રસિદ્ધી માટેનો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી જીજ્ઞાસું વાચક વૃંન્દને એમાં અનેક તે જાતની ત્રુટીઓ જણાશે પરંતુ તે તરફ લક્ષ નહિ રાખતાં હંસ-ક્ષીર-નીર ન્યાયે નીહાળવા-જણાયેલી ત્રુટીઓ બદલ યોગ્ય સલાહ કીંવા સૂચના આપવા નમ્ર વીનંતિ છે.

પુસ્તક પ્રસિદ્ધી માટે જે જે સ્નેહી સંબંધીઓ, મિત્રો તરફથી જે જે સલાહ-મદદ-પ્રોત્સાહન-અભિપ્રાયો વિગેરે આપવામાં આવ્યા છે તે બદલ તેમનો તો હું સદાનો ઋણીજ રહીશ. અંતીમ ધ્યેય.

મનુષ્ય પ્રયત્ન-પ્રભુકૃપા

ઇત્યલં શંમ્

સંવત. ૧૯૮૪ ગુરૂપૂર્ણીમા ગડત	લી. કૃપાભિલાષી લેખક-

॥ નામઃ સ્મરણુ મહીમા ॥

(૧)

નીત્ય મન નારાયણુ સ્મરી લે (૧)
નારાયણુનાં નામઃસ્મરણુથી............(૨)
ભવસાગર તરીલેને મનવા;
નામઃસ્મરણુનો મહીમા મોટો. (૨)
સ્હેજે સ્હમજી લે ને મનવા (૨) નિત્યમન

દ. વ. ત્રિ.

(૨)

॥ નામઃ સ્મરણુનો આદેશ ॥

શુદ્ધ તન મન ધનથી...........
ધરો હરિ ધ્યાન,
કરો ગુણુ ગાન;
દૂર કરો અભિમાન........શુદ્ધ........
નીશદીન સ્મર્ણું ભક્તિ ગુણુ ગાવો (૨)
સ્મરણુ કીર્તિથી જગ ઝળકાવો. (૨)
વિજય વિભૂતિ સ્મરણુ ભકિતની........
દશદીશ પ્રસરાવો.......શુદ્ધ........

દ. વ. ત્રિ.

નામઃ સ્મરણ સપ્તાહ

સંક્ષિપ્ત-પ્રયોગ વિધિક્રમ

જે દિવસે સપ્તાહની શરૂઆત કરવાની હોય તે દિવસે સપ્તાહમાં સામેલ થનાર વ્યક્તિએ પ્રભાતમાં ઉઠી શૌચ સ્નાનાદિ નિત્ય કર્મેથી પરવારી સપ્તાહની શરૂઆત કરવાનાં સમય દર્મીયાન એક કલાક આગમચથી નિંમાયલા સ્થળે ભેગા મળી સારા પ્રતિષ્ઠિત વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી પ્રથમ સુવાસીની સ્ત્રી પાસે કુંભ ઘડો ભરાવવો દીપ સ્થાપન કરી ઘટ સ્થાપન કરવું. તે પછી શંખ, ઘંટાર્ચન કરી કળશસ્થાપન કરવું. તે પછી ગણેશપૂજન, સ્વસ્તી પૂણ્યાહુવાચન પૂર્વક આરાધીત ઇષ્ટદેવનું સાભિષેક યથાવિધી ષોડશોપચાર ક્રમે યજન કરાવવું. આર્તિમંત્ર પુષ્પાંજલી થયા બાદ સપ્તાહમાં સામેલ થનાર તમામ વ્યક્તિઓને બ્રાહ્મણ વ્હારયા ગંધાક્ષત કરાવવું. તે પછી તમામ વાદ્ય વાજીંત્ર જેવાં કે તંબુરો, કીરતાલ, મંજીરાં, ઢોલક, માળા, વગેરેનું પૂજન કરાવવું. તે પછી આરાધીત ઇષ્ટ દેવતાનું ધ્યાન કરી વાજીંત્ર ગ્રહણ કરવાં.

વારી દર્મીયાન એક વ્યક્તિએ માળા ગ્રહણ કરી પ્રભુનાં નામઃસ્મરણનો કિંવા રામ નામનો અખંડિત જાપ કર્યા કરવો. બાકીનાં અન્ય વ્યક્તિઓએ નામઃ સ્મરણ હરિ કીર્તનની શરૂઆત કરવી. એ રીતે સાત દિવસ સુધી નામઃસ્મરણ કીર્તન કર્યા પછી છેલ્લા

દિવસે સપ્તાહ બંધ કરવાને નિમાયલા ટાઇમે સમાપ્તી કરી વાદ્ય સાહિત્ય મૂકી દઇ ફરીથી આરાધીત ઇષ્ટદેવતાનું ધ્યાન-મંત્ર પુષ્પાંજલી કરી દશાંશ હોમ યથાવિધિ કરી યથા શકિત બ્રાહ્મણો સહીત બ્રહ્મ ભોજન કરવું. આરાધીત ઇષ્ટદેવતાને પાલખી કે એવાં બીજાં કોઇ પણ સાધનમાં પધરાવી પૂર ભપકાથી વરઘોડો કાઢી સ્વગ્રામમાં ફેરવવો. તે પછી સમાપ્તી કરી સ્વઃ સ્વઃ સ્થાને જવું.

ઇત્યલંશમ્

નામઃ સ્મરણુ સપ્તાહ

માહીતિ નિયમો

(૧) નામઃસ્મરણુ સપ્તાહ માટે ઓછામાં ઓછા ત્રીસ માણુસો તો હોવાંજ જોઇએ, તેમ છતાં તેથી પણુ વધારે થાય તો ઘણું સારૂં પરંતુ વારી દર્મીયાન છેવટ.

(૧)	(૧)	(૧)	(૧)	(૧)
(માળાવાળો)	(ઢોલકવાળો)	(ગવડાવનાર)	(ઝીલનાર)	(તંબુરો કીરતાલવાળો)

મળી કુલ્લ પાંચ માણુસો તો અવશ્ય રાખવાંજ જોઇએ. વારીની વહેંચણુ બબ્બે કલાક પ્રમાણે છ વારીથી કરવી. વારીની વહેંચણી બે પ્રકારે થઇ શકે છે (૧) નીમાયલી વારી (૨) ફરતીવારી. અને તેની પસંદગી સર્વાનુમતે અનુકુળતાએ કરવી.

(૨) વારીદારોએ, વારીમાં દાખલ થતાં પહેલાં સ્નાનાદિથી નીવૃત્ત બની, ભસ્મ-માળા-ઉપવસ્ત્ર વિગેરે ધારણ કરી હાથપગ ધોઇ વખતસર વારીમાં આવી હાજર થવું જોઇએ,

(૩) ખમીશ પહેરણ કે એવાં બીજાં વસ્ત્રો સાથે વારીમાં કદી પણ દાખલ થવું નહિ. પરંતુ માત્ર એક ધોયેલું ધોતીયું અને ધોયેલાં ઉપવસ્ત્રનોજ દરવખતે ઉપયોગ કરવો જોઇએ.

(૪) સપ્તાહમાં સામેલ થનારે જેમ બને તેમ સત્વગુણી શાંત પ્રકૃતિ રાખવી જોઇએ.

(૫) કામ ક્રોધાદિ ષડ્‌રીપુઓને સપ્તાહનાં દિવસો દર્મિયાન દૂર રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

(૬) દરરોજ સત્વગુણી હવિષ્યાન્ન ખોરાક લેવો. દિવસે ઉંઘવું નહિ.

(૭) તમામ વ્યસનોથી દૂર રહેવું. સપ્તાહ દર્મિયાન હજામત કરાવવી નહિ.

(૮) સપ્તાહમાં દિવસો દર્મિયાન સપ્તાહ અંગેની કોઈ પણ કામગીરીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા રહેવું.

(૯) નામઃસ્મરણ સપ્તાહમાં નામઃસ્મરણ યુકત ભજનો સિવાય અન્ય ભજનોનો નિષેધ રાખવો.

(૧૦) આરાધીત ઇષ્ટ દેવતાની સવારસાંજ આર્તિના સમયે સપ્તાહમાં સામેલ થનાર તમામ વ્યકિતએ હાજર રહેવા બનતો પ્રયત્ન કરવો.

(૧૧) પ્રથમ દીને જે વ્યક્તિ પૂજન કરવા બેસે તે વ્યક્તિએ છેવટ સુધી પૂજન કાર્યજ યથાસ્થીત કરતાં રહેવું અન્યને માટે પૂજન કરવાનો નિષેધ રાખવો.

(૧૨) જે સ્થળે સપ્તાહનું સ્થાન નીયતં કરવામાં આવે તેજ સ્થાને તમામ વ્યક્તિએ શયન વિધીની વ્યવસ્થા રાખવી.

તા. ક. એ સિવાય સપ્તાહને અનુકુળ બીજા અન્ય નિયમો સર્વાનુમતે ઠરાવી તમામ નિયમોનું પત્રક તૈયાર કરી સપ્તાહ સ્થાન દર્મીયાન પ્રસિદ્ધ સ્થળે ચીટકાવવું.



૧૧ ૨૪૩૪૫

॥ શ્રી હરી ॥

નામ:સ્મરણ

સપ્તાહ—પદ્યાવલી

(પ્રથમ પુષ્પ)

પ્રારંભ

પદ્ય—૧

ૐ જય દેવાધિ દેવા... ... ...(૨)
પરમાત્મા પરિ બ્રહ્મ પરાત્પર (૨)
શ્રી......દેવાધિ દેવા... ... ...ૐ જય
અચ્યુત કેશવ વામન માધવ... ... (૨)
જય દેવાધિ દેવા... ... ...ૐ...

પદ—૨

રાગ કલ્યાણ દ્રુપદ

ક્રિષ્ણ કેશવ પ્રભુ ગીરીવર ધારી (૨)
બંસીબટ નટવર મોરા........રી (૨)
નાથ નિરંજન ભવભયહા...રી ક્રીષ્ણ
અચ્યુત કેશવ કુંજ વિહા...રી (૨)
ભય હર, નરવર, આનંદકા...રી........ક્રીષ્ણ.

પદ–૩

રાધે ગોવિંદા ધનશ્યામ શ્રીયાવર રાધે ગોવિંદા (૨)
રાધે ગોવિંદા... ...રાધે ગોવિંદા... ...(૨)રાધે...

અચ્યુત કેશવ ગીરીવરધારી, (૨)
મુરહરે માધવ મુકુન્દમોરારી. (૨)

કમલાનાથ કૃપાળા... ...શ્રીયાવર... ...રાધે ગોવિંદા.
રાધે...

બંસીબટ નટવર ગીરધારી,
નાથ નિરંજન નિરવિકારી.

કમલનયન ધનશ્યામ શ્રીયા...વર... રાધે ગોવિંદા. રાધે...

પદ–૪

(રાગ--કોણ માનવની પાપબુધ્ધિ પલટાવે)

શ્રી.........

ધનશ્યામ હરે......રામક્રિષ્ણ મોરારી.
હરિ રામ હરે......વિભુશ્યામ હરે......
રા......મા......ધનશ્યામ હરે...

(સાખી)

શ્રીધર કૃષ્ણ કૃપાનીધી......કમલનયનધનશ્યામ
જાનકીજીવન વીઠુલા... ... ...દશરથનંદનરામ

વિભુ કૃષ્ણ કેશવ કીરતારે હરે...(૨)
જય મોહન માધવ રામ હરે... ...(૨)
જય રામ હરે...સીતારામ હરે...વિભુશ્યામ હરે...
જય રામ હરે......
પ્રભુ કુંજ વિહારી ધનશ્યામ......(ધન......

પદ–૫
(રાગ. ગોડી.)

કૌશલ્યા સુતરામા સિતાપતિ...કૌશલ્યા (૨)
અચ્યુત કેશવ ગીરીવરધારી...(૨)
કમલનયન ઘનશ્યામા (હરિ હરિ રામજી) (૨) સિતાપતિ
બંસી બટ નટવર મોરારી......(૨)
કમલાનાથ કૃપાળા...(હરિ હરિ રામજી) (૨)...સિતાપતિ

પદ–૬
(રાગ...મૂર્તિમંદ હસતી ઉભી...)

રામક્રીષ્ણ...રામક્રીષ્ણ...રામક્રીષ્ણ શ્રી હરિ (૨)
નંદકીશોર, શ્રી રણછોડ, મોહનમાધવ શ્રી હરિ...
રામક્રીષ્ણ......ટેક.
નાગરનટવર, નંદકીશોર, જયમુરલીધર માખણચોર, (૨)
જય પુરૂષોત્તમ પ્રાણવલ્લભ.........
શ્રી જગજીવન શ્રી હરિ...રામક્રીષ્ણ (૧)
નરકાંતક નરવીરનરોત્તમ, કુંજવિહારી શ્રી હરિ,...(૨)
યશોમતિનંદનવીશ્વવંદન,
જનમનરંજન શ્રીહરિ...રામકૃષ્ણ (૨)

પદ–૭
(રાગ–આ પ્રપંચી સાધુડા...)

પ્રભુ રામ રામ રામ પ્રભુ અવધ બિહારી રામ
દશરથનંદન જાનકીજીવન, રઘુપતિ ઘનશ્યામ......
પ્રભુ......
અચ્યુત કેશવ વામન માધવ, ગોવિંદ વિઠ્ઠલરામ (૨)
જય નરહર નટવર શ્રી મુરલીધર, કુંજબિહારી શ્યામ.
પ્રભુ......

પદ ૮

(રાગ–મીઠી મીઠી પ્રેમદાને)

પ્રભુ કૃષ્ણુ કેશવ કીરતાર હરે...(૨)
જય જય માધવ મુકુંદ મુરાર હરે...પ્રભુ...
ગરૂડાગામી હરિ,
આનંદધામી હરિ......પ્રભુ......ટેક

બાલાજી બલીભદ્ર ત્રીકમજી હરિ...(૨)
ભીડભંજન હરિ, બાલમુકુંદ હરિ......પ્રભુ......

પદ–૯

(રાગ–આવો આવોને આજ રાજ)

જય જય રામા જય રામ રામ, સિતાપતિ ઘનશ્યામા (૨)
જયશ્રી કૃષ્ણુ કીરતાર, શ્યામ, દેવકીનંદન રામા...(૨)
જય જય રામા...ટેક

દેવકીનંદન કંસ નીકંદન, કેશવ દીન દયાળા, (૨)
કમલનયન કરૂણાનાં સાગર, કમળાનાથ કૃપાળા,
રાધે શ્યામ રામ, રામ,......જય જય રામા. (૧)

બંસીબટ નટવર ગીરધારી, મુરલીધર ઘનશ્યામા (૨)
અચ્યુત કેશવ વામન માધવ, શ્રીધર સુંદીર શ્યામા
રાધે શ્યામ, રામ, રામ,......જય જય રામા,

પદ–૧૦

(રાગ–ભલી ભકિતની માળ)

પ્રભુ નંદલાલા ગોપાળા ગોવર્ધન.
ગીરધારી કેશવ હરિ હરિ હરિ,–(૨) પ્રભુ

સીતાપતિ રામ રામા (૨)
દશરથ નંદન રામા, (૨) પ્રભુ
ભગવત ભૂષણુ શ્રીહરિ હરિ હરિ (૨) પ્રભુ
શ્રીહરિ નંદકીશોર (૨)
મોહન માખણુ ચોર (૨)
આધવા મુકુન્દ શ્રી...હરિ હરિ હરિ (૨) પ્રભુ

પદ–૧૧

(રાગ–ધોળ)

કૃષ્ણુ કમલ નયન ધનશ્યામ હરે, (૨)
કૃષ્ણુ દેવકીનંદન રામ હરે (૨)
કૃષ્ણુ પ્રાણુવલ્લભ મોરારી હરે (૨)
કૃષ્ણુ કેશવ ગીરીવરધારી હરે (૨)
કૃષ્ણુ વિઠ્ઠલ જગદાધાર હરે (૨)
કૃષ્ણુ અવીનાશી કીરતાર હરે (૨)
કૃષ્ણુ અચ્યુત આનંદકારી હરે (૨)
કૃષ્ણુ બાલમુકુન્દ બિહારી હરે (૨)

પદ–૧૨

(રાગ–સમજું નહિ મહેમાનને)

શ્યામ સુંદર વીઠ્ઠલ વનમાળી,
ગોપાળા નંદલાલ હરે......(૨)

કૃષ્ણુ કેશવ પ્રભુ દીન દયાળા......(૨)
નટવર નાગર શ્યામ હરે......(૨)
ગોપીજન વલ્લભ ગીરધારી,
વામન ફરસુરામ હરે......શ્યામ

શ્રીધર ભૂધર ભયહર જગધર......(૨)
નરવર નંદ કીશોર હરે......(૨)
અધમ ઉધ્ધારણુ ભવભય હારણુ
ભવજળતારણુ રામ હરે... ...શ્યામ

પદ-૧૩

રાગ—ગઝલ

જય જય રામ રામા રામ, સીતાપતિ રામ રામા રામ.(૨)
પ્રભુ જય અચ્યુત કેશવરામ, જયજય વામન માધવરામ
જય જય કમલનયન ઘનશ્યામ, સિતાપતિ રામ રામા રામ (૧)
હરિહર દશરથ નંદનરામ, જય જય જાનકી જીવનરામ (૨)
જય જય કૌશલ્યા સુતરામ, સિતાપતિ રામ રામા રામ. (૨)

પદ-૧૪

(રાગ—અરજ સુણો અવિનાશી)

સીતા પતિ ઘનશ્યામ, દયાળુ પ્રભુ સીતાપતિ ઘનશ્યામ (૨)
નાગર નટવર હરિ બંસીધર, નંદકુંવર અભિરામ...દયાળુ
દશરથનંદન જાનકીજીવન, કૌશલ્યા સુતરામ...દયાળુ
ગુરૂ ગોવિન્દ કૃપાનીધી કેશવ, નરવર સુંદીર શ્યામ...દયાળુ
અધમ ઉધ્ધારણુ ભવજળતારણુ, અચ્યુતાનંદરામ...દયાળુ

પદ-૧૫

(રાગ તમદીલ કબ્જાસેજો રાજી)

પુરણુ પુરૂષોત્તમભગવાન, કૃપાળુ ઇશ્વરા હરિ...પુરણુ (૨)
કમલનયન કરૂણાનાં સાગર......(૨)
મુરલીધર હરિ નટવર નાગર......(૨)
સિતાપતિ શ્રી રામ કૃપાળુ...ઇશ્વરાંહરિ.....
(પુરણુ...)

ભૂધર ભયહર પ્રભુ તારનાર...(૨)
અચ્યુતકેશવ નંદ મોરાર...(૨)
કમલાનાથ દયાળ કૃપાળુ ઇશ્વરા હરિ...
(પુરણ...)

પદ-૧૬

(રાગ-ગરબાનો)

કમલ નયન કૃષ્ણકાળા, દયાનીધી દેવ દયાળા, (૨)
અચ્યુત કેશવ ગીરીવરધારી (૨)
નટવર નાગર મુકુંદ મોરારી (૨)
કમલાનાથ કૃપાળા, દયાનીધી દેવદયાળા.
બંસીબટ નટવર ગીરધારી. (૨)
યશોમતિ નંદન આનંદકારી (૨)
રાધાવર રમણ કૃપાળા, દયાનીધી દેવ દયાળા.
કમલનયન...(૨)
દેવકીનંદન કંસ નીકંદન (૨)
ભવભયભંજન, જનમનરંજન (૨)
કેશવ કૃષ્ણ કૃપાળા, દયાનીધી દેવદયાળા
કમલનયન...(૩)
મોર મુગટધર હલધરવિરા (૨)
મુર હર માધવ, શ્યામ શરીરા (૨)
ચક્રધારી રંગીયાળા, દયાનીધી દેવ દયાળા
કમલનયન ..(૪)

પદ-૧૭

(રાગ—છો રાજયોગી રંગીયાળા)

વૃંન્દાવન ગોકુળચંદા, રાધિવર બાલમુકુંદા (૨)

મુરલીધર ગોવરધનધારી,
નટવર નાગર કુંજવિહારી,
અગઅઘમારણ ભવજલતારણ,
મુરહર યાદવ ચંદા...રાધેવર...(૧)
ગ્વાલ બાલગૌ વૃંદ પ્રતિપાલા,
ગોપીજન વલ્લભ રંગીયાળા,
દેવકીનંદન...કંસનીકંદન...
યશોમતિ આનંદ કંદા...રાધેવર (૨)
મોરમુગટ પિતાંબર ધારી,
શ્યામ સુંદરતન કૃષ્ણ મોરારી.
સુર સુખ કારણ અસુર વિદારણ...
કમલનયન ગોવિંદા...રાધેવર (૩)
દામોદર હરિ ગરૂડગામી,
નારાયણ રાધેવર નામી.
ખગપતિ વંદન...નાથ નીરંજન...
મોહનનંદ આનંદા...રાધેવર (૪)

પદ—૧૮

(રાગ—ધનભાગ્ય હમારે આંગણે આવ્યા.)

જય મોહન માધવ બાલ મુકુન્દા, કમલનયન ઘનશ્યામ.
શ્રી ઘનશ્યામ નંદકીશોર પ્રભુ........જય...... .....

અચ્યુતકેશવ ગીરીવર ધારી,
નાથ નીરંજન આનંદકારી,
કમલાનાથ દયાનીધી દેવા કમલનયન ઘનશ્યામ.
શ્રીઘનશ્યામ .....(૧)

બંસીબટ નટવર મોરારી,
મંગલકર માધવ મુરહારી,
રાધાવર રમણ ધ્યાનીધી દેવા, કમલનયન ઘનશ્યામ.
શ્રીઘનશ્યામ......(૨)

પદ—૧૯

[રાગ—રક્ષાદેવ શ્રીમંત સયાજી]

રાધે ગોવિંદા ઘનશ્યામ શ્રીયાવર (૨)
અચ્યુત કેશવ ગીરીવરધારી, (૨)
નટવર નાગર, મુકુન્દ મોરારી, (૨)
કમલાનાથ કૃપાળ, શ્રીયાવર. (૧) રાધે...
બંસીધર નટવર ગીરધારી, (૨)
નાથ નીરંજન, ભવભયહારી (૨)
કમલનયન ઘનશ્યામ, શ્રીયાવર (૨) રાધે...

પદ—૨૦

(રાગ—પ્રભાત)

કમલાનાથ કૃપાળ હરે (૨)
કમલનયન શ્રીરામજી હરે
દેવકીનંદન વીઠ્ઠલ જુગદાધાર. કમલા. (૧)
બંસીબટ મોરારી હરે. (૨)
શ્રીધર સુંદીર શ્યામજી હરે.
અચ્યુત કેશવ ગીરધારી ઘનશ્યામ. કમલા. (૨)
કેશવ કૃષ્ણ કૃપાળ હરે. (૨)
લક્ષ્મીવર શ્રીરામજી હરે.
અવિનાશી વીશ્વંભર કીરતાર. કમલા (૩)

પદ—૨૧

(રાગ—થઇ પ્રેમવશ પાતળીયા)

હરે જય રામ સીતા પતિ રામા. (૨)
જયજય કમલનયન ઘનશ્યામ હરે. જયરામ.
અચ્યુત કેશવ વામન માધવ
કમલાનાથ કૃપાળા
જય રઘુપતિ રાઘવ રામા. (૨) જયકમલનયન. (૧)
બંસીબટ નટવર ગીરધારી....
નાથ નીરંજન આનંદકારી
જય સીતા પતિ ઘનશ્યામા (૨) જયજય કમલનયન (૨)

પદ—૨૨

(રાગ—રશિયા અમને જાવા દીજે)

હરિ જય રામ રામા રામા, (૨)
હરિહર સીતા પતિ ઘનશ્યામ હરે...જય રામ રામા રામા
હરિ અચ્યુત કેશવ ગીરીવરધારી (૨)
હરિ બંસીબટ નટવર મોરારી (૨)
હરિજય કમલનયન ઘનશ્યામા હરિ...જયરામ...(૧)
પરમાત્મા પરિબ્રહ્મ પરાતપર (૨)
હરિહર નરવર નરહર ભૂધર (૨)
હરિજય રાધાવર રમણ કૃપાળ હરે...જયરામ...(૨)

પદ—૨૩

(રાગ—જાગરે જાદવા)

કૃષ્ણ કમળા પતિ, શ્રી પતિ જદુપતિ,
કૃષ્ણ કરતાર વૈકુંઠ રાગે... કૃષ્ણ......

અચ્યુત કેશવ વામન માધવ,
ધનુષધારી રઘુવીર રાયે.....દીપણુ......
નટવર નાગર, શ્રીધર ભૂધર,
શ્રી પ્રભુ જય જગદીશ રાયે.....દીપણુ......

પદ—૨૪

(રાગ—કુંજવિહારીલાલા)

હરિ જય રામા સિતાપતિ રામા રઘુવીર રામા હરે......
જય રામા હરે—(૨)

પ્રભુ અચ્યુત કેશવ વામન માધવ.
ગુરૂ ગોવિંદ કૃપાનિધા કેશવ.
કમલાનાથ કૃપાલા રઘુવીર રામા હરે જય રામા હરે (૨)

પદ–૨૫

(રાગ --રે મન ભજન સુધારસ પીયે)

હરિ જય રામા રઘુવિર રામા
હરિ જય સીતાપતિ ઘનસ્યામ હરે
જયરામ રઘુવિર રામા

દશરથ નંદન જાનકી જીવન (૨)
કૌશલ્યા સુત રામા (૨) હરિ જય (૧)
મચ્છ કચ્છ પ્રભુ વરાહ વામન (૨)
નરસિંહ ફરસુરામા (૨) હરિ જય (૨)
અચ્યુત કેશવ આનંદકારી (૨)
પ્રભુ બાલ મુકુંન્દ મોરારી (૨) હરિ જય (૩)

પદ-૨૬

(રાગ— ગરબો)

હરિ જય બંસીધર ગોપાળ, રણછોડ રાય હરે (૨)
હરિજય કરૂણાળુ કીરતાર, ,,
અચ્યુત આનંદ મુરલીધારી (૨)
કૃષ્ણ કેશવ પ્રભુ નીરવિકારી (૨)
હરિજય કમળાનાથ કૃપાળ રણછોડ રાય હરે (૧)
અંબર ભૂધર, ભયહર નટવર (૨)
નટવર નરહર, હરિ બંસીધર (૨)
હરિજય વીઠ્ઠલ જુગદાધાર, રણછોડ રાય હરે (૨)
દેવકી નંદન, કંસ નીકંદન (૨)
જનમ નિરંજન, ભવભય ભંજન (૨)
હરિજય બાલમુકુન્દ મોરાર, રણછોડ રાય હરે (૩)

પદ— ૨૭

(રાગ—મારો રોગો આગ્યો)

રામ સીતા પતિ રામા જય રઘુ પતિ રાઘવ રામા,
જયજય રામા સીતા પતિ ઘનસ્યામજી,
દેવકી નંદન કંસનીકંદન ભવભય ભંજનરામા,
કમલનયન કરૂણાનાં સાગર, કમલા નાથ કૃપાળા
જયજય રામા..... (૧)

પદ-૨૮

(વસે જ્યાં દર્દી દુઃખીયાંસાં)

યશોદા નંદન નંદકીશોર, જય મુરલીધર માખણચોર,
હરિહર માંગ્ય મખણચોર, દેવકીનંદન નંદકીશોર,

હરિહર ભગવત ભુપણરામ,
હરિહર રઘુકુળ તારકરામ,
જયજય દશરથ નંદનરામ, જયજય જાનકી જીવનરામ.

પદ-૨૯

(બેન્ડ, ડેન્સ)

રામ. રામા રામા રામ, રામા રામા રામ,
રામ રામ. રામા રામા, જયરામા જયરામ.

પદ-૩૦

(રાગ-ગલે ભુજંગ ભસ્મ અંગ)

રામ સીતા, રામ સીતા, રામ સીતા રામા, (૨)
અચ્યુત કેશવ વામન માધવ ( )
દશરથ નંદન રામા......
દેવકી નંદન કંસનીકંદન, જાનકી જીવનરામા...
રામ સીતા......(૧)
કમલ નયન કરૂણાનાં સાગર, (૨)
કમલાનાથ કૃપાળા.........
શ્રીધર કૃષ્ણ કૃપાનીધી કેશવ અવધબિહારી રામા......
રામ સિતા (૨)

પદ—૩૧

(રાગ--અભંગ)

યશોદા નંદન નંદકીશોર, જય મુરલીધર માખણ ચોર (૧)
હરિ હર માધવ વનમાળી,
દયાળુ કેશવ ગીરીધારી. (૨)
પ્રભુ નરકાંતક હરિનળ રૂપ,

જય પ્રભુ દશરથ નંદન ભૂપ. (૩)
બંસીધર હરિ દીનદયાળ,
દયાળા કરૂણાળુ કીરતાર (૪)
હરિહર ભગવત ભૂષણ રામ,
પ્રભુ જય રઘુકુળ તારક રામ. (૫)
હરિહર માધવ માખણ ચોર,
દેવકીનંદન નંદકીશોર (૬)
અચ્યુત નંદલાલા નરનાથ,
શામળા વિઠ્ઠલ કમળાનાથ. (૭)
અચ્યુત આનંદ ગોપાળા.
હરિ ગૌચારી ગોવાળા. [૮]
જાનકીજીવન જગદાધાર.
મુરહર માધવ શ્રી કરૂણાળ. [૯]
મચ્છવ કચ્છવ નરસિંહરામ,
વરાહ વામન ફરસુરામ. [૧૦]
રૂક્ષ્મણીકાંત દીન દયાળ.
શ્રીધર વાહલ જગત કૃપાળ [૧૧]
હરિ નારાયણ ગોવિંદા,
રાધેવર મુરહર મુકુન્દા. [૧૨]
હરિહર જગતપતિ ગુરૂદેવ,
સચ્ચીદાનંદ ૐકારેવ [૧૩]
દેવકીનંદન શ્રી ઘનસ્યામ,
જયશ્રી કૌશલ્યા સુતરામ. [૧]
જય જય દશરથ નંદન રામ,
યશોમતિ નંદન જય જય સ્યામ. [૧૫]
જય જય અવધ બિહારી રામ,
કુંજવિહારી શ્રીઘનસ્યામ. (૧૬)

[illegible]

[illegible]

[illegible]